ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા

# સેન્ટ્રલ વર્જના ફુલછોડને બચાવવા તંત્ર દ્વારા પાણીનું સિંચન

ગાંધીનગર, તા.૨૯

ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસતા સામાન્ય જનજીવન પણ પ્રભાવિત બન્યું છે. ત્યારે ગાંધીનગર શહેરના સેન્ટ્રલ વર્જમાં આવેલ ફુલછોડને જીવંત રાખવા તંત્રએ કમરકસી છે. શહેરના માર્ગો પર આવેલા સેન્ટ્રલ વર્જમાં વિવિધ ફુલછોડનું વાવેતર કરવામાં આવ્યું છે . ત્યારે આ ફુલછોડને કાળઝાળ ગરમીથી બચાવવા અને જીવંત રાખવા તંત્ર દ્વારા ટેન્કર દ્વારા રોજનું હજ્જારો લીટર પાણી આપવામાં આવી આવી રહ્યું છે. આકરી ગરમીમાં હરીયાળી બરકરાર રાખવા માટે તંત્ર દ્વારા સતત પાણીનું સિંચન કરી ફુલછોડની વિશેષરુપે દરકાર લેવામાં આવી રહી છે.



સમગ્ર વિશ્વમાં ગાંધીનગર શહેરની ઓળખ ગ્રીનસીટી તરીકે પ્રસ્થાપિત થઈ હતી. પરંતુ હવે શહેર ગ્રીનસીટીની વ્યાખ્યામાં આવતું નથી. શહેરમાંથી વૃક્ષોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે. શહેરમાં વર્ષો પહેલા જેટલા વૃક્ષો હતા તેટલા વૃક્ષો અત્યારે હાલના સમયે રહ્યા નથી. ત્યારે ઉનાળાના પ્રારંભે જ ગરમી નો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ચુકી છે. ઘરની બહાર નીકળતા નાગરીકોની ચામડી બળી જાય તેવી સ્થિતિ છે. શહેરના માર્ગો બપોર પડતા જ સુમસામ બની જાય છે. ગરમીથી બચવા નાગરીકો નીતનવા નુસખા અપનાવી રહ્યા છે. ત્યારે પશુ પક્ષીની હાલત પણ કફોડી બની જવા પામી છે. ત્યારે ગાંધીનગર શહેરના માર્ગો પર આવેલ સેન્ટ્રલ વર્જની હરીયાળી બરકરાર રાખવા માટે તંત્ર દ્વારા ટેન્કર દ્વારા રોજના હજ્જારો લીટર પાણીનું સિંચન કરવામાં આવી રહ્યું છે જેથી તંત્ર દ્વારા ગરમીમાં પણ ફુલછોડને નુકશાન થાય નહી તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

## સોસાયટીમાં ફુટબોલ રમતા કિશોરનું વિજ કરંટથી મૃત્યુ

ચેટી ચાંદની પૂર્વ સંધ્યાએ ૧૩ વર્ષનો સિંધી કિશોર ભાટ ગામે સોસાયટીમાં તેના મિત્રો સાથે ફુટબોલ રમી રહ્યો હતો તે દરમિયાન બોલ ઉછળીને એક સ્ટ્રીટ પોલ પાસે પડયો હતો. બોલ લેવા સિંધી કિશોર પોલ પાસે ગયો ત્યાં કોઈ કારણોસર તેને વિજ કરંટ લાગતા તેનું સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ ઘટનાથી સોસાયટીમાં ગમગીની છવાઈ જવા પામી છે. જે કિશોરનું મૃત્યુ સોસાયટીમાં લાગેલા વિજપોલને અડકવાથી થયું તે સોસાયટીના ચેરમેન તેના પિતા જ હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર આવેલા ભાટ ગામની સીમમાં નિલકંઠ સોસાયટી વિભાગ-૨ ખાતે રહેતા સુરેશભાઈ મુલતાણી હોલસેલના વેપારી છે અને સોસાયટીના ચેરમેન છે. આજે ચેટી ચાંદ હોવાથી તેઓ પોતાના તહેવારની તૈયારીઓમાં ગઈ કાલથી લાગેલા હતા. ગઈ કાલે મોડી સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં તેમનો ૧૩ વર્ષનો ધો-૮માં અભ્યાસ કરતો દિકરો વિવેક સોસાયટીના ગાર્ડનમાં પોતાના મિત્રો સાથે ફુટબોલ રમી રહ્યો હતો. બોલ ઉછળીને ગાર્ડનના એક સ્ટ્રીટ પોલ પાસે જઈને પડયો એટલે વિવેક ત્યાં પોલ પાસે બોલ લેવા ગયો હતો. અચાનક કોઈ કારણથી પોલમાંથી કરંટ લાગતા વિવેક સ્થળ પર જ મૃત્યુને ભેટી ગયો હતો. આ ઘટનાથી સોસાયટીમાં સન્નાટો છવાઈ ગયો હતો. અડાલજ પોલિસ મથકના જમાદાર અમરતભાઈને ઘટનાની જાણ થતા ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી ઘટનાની વધુ તપાસ શરુ કરી છે. સ્ટ્રીટ પોલમાં ખુલ્લુ વાયરીંગ હોવાથી ઘટના સર્જાઈ હોવાની આશંકા છે જો કે તપાસ ચાલી રહી છે.

## ચેટીચંડની ઉજવણીમાં વિજયભાઈ રૂપાણી જોડાયા

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદના પાંચકુવા વિસ્તાર ખાતે યોજાયેલ ચેટીચંડની ઉજવણીમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ આ અવસરે સીંધી સમાજ માટે પવિત્ર ગણાતી 'સીંધુ દર્શન' યાત્રા માટે રૂ. ૨૫ લાખની ફાળવણીની નેમ વ્યક્ત કરી હતી, જેને સીંધી સમાજે ઉત્સાહભેર વધાવી લીધી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે પહેરેલ કપડે આવેલ સીંધી સમાજે પોતાની મહેનત, પ્રામાણિકતા અને પુરૂષાર્થથી આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આર્થિક રીતે સમૃદ્ધ થવા સાથે સીંધી સમાજે સ્થિરતા પણ મેળવી છે. મુખ્યમંત્રીએ સીંધી સમાજના આજથી શરૂ થતાં નૂતન વર્ષની શુભકામના પાઠવી હતી.

## શહેરમાં અખિલ ભારતીય કિન્નર મહાસંમેલન રંગેચંગે સંપન્ન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા પંદર દિવસથી કિન્નરોનું મહા અધિવેશન ચાલી રહ્યું હતું. આજે આ અધિવેશન રંગેચંગે સંપન્ન થયું છે. સમગ્ર ભારતભરમાંથી અંદાજીત ૩૦૦૦ થી વધુ કિન્નરો આ અધિવેશનમાં સામેલ થયા હતા. પંદર છેલ્લા પંદર દિવસથી રોજ દિવંગત આત્માઓની શાંતિ માટે ભંડારાઓ યોજાતા હતા. જયારે અધિવેશનમાં આવનાર તમામ માસીબાઓને લ્હાણી આપવામાં આવી હતી.જયારે સેકટર-૧૫ ફતેપુરા ખાતે કિન્નર સમાજના મહાસંમેલનને પગલે અનોખો માહોલ જામ્યો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરામાં કિન્નર સમાજનું અધિવેશન ભરાયું હતું. ગત્ તા.૧૫ માર્ચથી તા.૨૯ માર્ચ દરમિયાન યોજાયેલા આ અધિવેશનમાં ભારતભરમાંથી માસીબા ગાંધીનગરને આંગણે આવ્યા હતા. શહેરમાં આ અધિવેશના દરમિયાના ૩૦૦૦થી વધુ માસીબાા ગાંધીનગરના મહેમાન બન્યા હતા. પંદર દિવસ સુધી રોજે રોજ મૃતક માસીબાઓની યાદમાં ભંડારા કરવામાં આવ્યા હતા. રોજ રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિન્નર મહાસંમેલનમાં પંચ અને પંચાયત પણ યોજાતી હતી. પંચદેવ મંદિર સુધી કળશયાત્રા યોજીને કિન્નર સમાજ તરફથી ત્રણ ચાંદીના છત્તર ચડાવાયા હતા.પંદર દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા હતા. ભારતભરમાંથી આવેલ



માસીબાઓને યથાશકિત ભેટ સ્વરુપે લ્હાણી આપવામાં આવી હતી. જયારે સેકટર-૧૫માં મોટીસંખ્યામાં માસીબા આવ્યા હોવાથી અનોખો માહોલ સર્જાયો હતો.આજરોજ અખિલ ભારતીય કિન્નર સમાજનું અધિવેશનનું રંગેચંગે સમાપન થયું હતું.

## સે-૬ શાકમાર્કેટ ખાતે ચેટીચાંદની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૬ના શાક માર્કેટ ખાતે આજે 'ચેટી ચાંદ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ તથા અગ્રણી ઉર્પલભાઈ જોષી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સે-૬ શાક માર્કેટ વેપારી મિત્ર મંડળના સભ્યોએ ભગવાન ઝુલેલાલની પૂજા અર્ચના કરી પ્રસાદીનું વિતરણ કર્યુ હતું.

સેકટર-૬ શાક માર્કેટ વેપારી મિત્ર મંડળ દ્વારા આયોજિત ચેટી ચાંદ પર્વની ઉજવણીમાં જોડાયેલા વેપારીઓમાં લકીભાઈ ઉર્ફે હરેશભાઈ, રમેશભાઈ, ગુરમુખભાઈ, જીતુભાઈ, ભોજુભાઈ, યુસુફભાઈ, રાજુભાઈ, ઐયુબભાઈ, રવિભાઈ, ગાભાભાઈ, રસિકભાઈ, વિષ્ણુભાઈ, બાબુભાઈ, લાલભાઈ દરજી, સત્યમભાઈ સોની, કિશનભાઈ, હિમાંશુભાઈ, ધર્મેશભાઈ, હિલ્લેલભાઈ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કોર્પોરેટર્સ એ વપારીઓના પ્રશ્નોની રજૂઆતને ધ્યાનથી સાંભળી હતી અને તેનું ઝડપથી નિરાકરણ લાવવા ખાતરી આપી હતી. ચેટી ચાંદ પર્વની ઉજવણીનો શાક માર્કેટ ઉપરાંત અન્ય રહીશોએ પણ લાભ લીધો હતો.

## સેકટર-૩૦માં પેટ્રોલીંગ કરતા બે હોમગાર્ડ જવાનો પર હિંસક હુમલો

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૩૦ ડીફેન્સ કોલોની પાસે ગઈ રાત્રી દરમિયાન બે હોમગાર્ડ જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ત્યાંથી નીકળેલા એક શખ્સ પર શંકા જતા હોમગાર્ડે તેને રોકયો હતો. પુછપરછ કરતા તે શખ્સે લોખંડની પાઈપ કાઢીને બંને પર હિંસક હુમલો કર્યો હતો.

**હુમલાખોર શખ્સ ઘરફોડ કરવા આવ્યો હોવાની શકયતા : અગાઉ ચોરીમાં પકડાયેલો આ શખ્સ દિવાળીમાં જ જેલમાંથી છુટયો હતો : પુછપરછ શરૂ**

બુમાબુમ થતા વસાહતીઓ અને પોલિસ દોડી આવી હતી અને હુમલાખોર શખ્સને પકડીને તપાસ કરતા તે રીઢો ચોર હોવાનું ખુલ્યુ છે. ચોરી કરવાના ઈરાદે આ શખ્સ આવ્યો હોવાની શંકા પ્રબળ છે. સે-૨૧ પોલીસે તે શખ્સની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે જયારે ઘાયલ બંને હોમગાર્ડ જવાનોને હોસ્પિટલ લઈ જવાયા હતા.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રે જીઈબી કોલોનીમાં રહેતા કમલેશસિંહ હિંમતસિંહ સિંઘા અને નટવરભાઈ અમરતભાઈ રામી બંને હોમગાર્ડ જવાનો સે-૩૦ ડિફેન્સ કોલોની વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. મધરાત્રે એક શખ્સ ત્યાંથી નીકળ્યો હતો તેના પર શંકા જતા તેને ઉભો રાખી કોણ છે અને કયાંથી આવ્યો છે? તેવા સામાન્ય પ્રશ્નો હોમગાર્ડ જવાને પુછયા તો તે શખ્સે લોખંડની પાઈપ કાઢીને કમલેશસિંહના માથે ફટકારી હતી. કમલેશસિંહને બચાવવા વચ્ચે પડેલા નટવરભાઈ ના પણ પગ ભાંગી નાંખ્યા હતા. હોબાળો થતા વસાહતીઓ અને પોલીસ દોડી આવતા હુમલાખોર શખ્સ ભાગ્યો હતો અને તેને ઝાડીઓમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. કાલુપુર રેલ્વે સ્ટેશન રહેતો આ શખ્સ મહમ્મદશાહીલ ઈબ્રાહીમ અહેમદ શેખ હોવાનું ધ્યાને આવ્યું છે. આ શખ્સ ૨૦૧૩ પહેલા સે-૨૧ પોલિસ સ્ટેશનમાં સાતેક ચોરીના ગુનામાં પકડાયો હતો. વર્ષ૨૦૧૩ની ચોરીમાં પકડાયો તે ગુનામાં આ શખ્સને બે વર્ષની કેદ અને ત્રણ હજાર રૂપિયાના દંડની સજા થઈ હતી. દિવાળીમાં જ તે સજા ભોગવીને જેલમાંથી છુટયો હતો. ગઈ રાત્રે ગાંધીનગરમાં ચોરી કરવાના ઈરાદે ફરતો હોવાની પ્રબળ શંકા છે. સે-૨૧ પોલિસે ઘાયલ હોમગાર્ડની ફરિયાદને આધારે આઈપીસી કલમ ૩૦૭, ૩૩૨ મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરીને ઉંડી પુછપરછ શરુ કરી છે.

## નવ વર્ષ-ગુડી પડવો નિમિત્તે આરએસએસનો પ્રતિપદા ઉત્સવ

**કૌમુદી સંચલનમાં પૂર્ણ ગણવેશમાં ૧૧૮ સ્વયંસેવકોએ નગરજનોને રોમાંચિત કર્યા**






ગાંધીનગર, તા.૨૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા હિન્દુ નૂતન વર્ષ ગુડી પડવો પર્વ નિમિત્તે ચૈત્રી સુદ-૧ તા. ૨૮મી માર્ચ મંગળવારે રાત્રે ૮ કલાકે ગાંધીનગરના સેકટર-૨૭ ખાતે વર્ષ પ્રતિપદા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં રાત્રિ સંલન 'કૌમુદી'માં આરએસએસના ૧૧૮ સ્વયંસેવકોએ પૂરા ગણવેશમાં ભાગ લીધો હતો.

નવ વર્ષ નિમિત્તે આરએસએસ દ્વારા આયોજિત પ્રતિપદા ઉત્સવમાં પ્રાંત સહ પ્રચાર પ્રમુખ હિતેન્દ્રભાઈ મોજીન્દ્રાએ હિન્દુ ધર્મ અને સમાજમાં સંગઠન શકિતનું મહત્વ વિષયે બૌદ્ધિક વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર શહેરના આશરે ૩૦૦ જેટલા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા તેવું નગર સંઘ ચાલકની યાદીમાં જણાવાયું છે. આ પ્રતિપદા ઉત્સવ દરમિયાન આયોજિત રાત્રિ સંચલનમાં આરએસએસના ૧૧૮ સ્વયંસેવકોને નિહાળી નગરજનો રોમાંચિત થયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામે એકબીજાને નવ વર્ષની શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

# બાળક પાંચ રૂપિયાનો સિક્કો ગળી જતા પરિવારજનો બેબાકળા

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૩-ન્યુમાં ગઈ કાલે એક વિચિત્ર બનાવ બન્યો હતો. માત્ર દોઢેક વર્ષનું બાળક પાંચ રૂપિયાનો સિક્કો ગળી ગયું હતું. આ સિક્કો તેના ગળાના ભાગે ફસાઈ ગયો હતો જેને ભારે મથામણ બાદ બહાર કઢાયો હતો. સિક્કો બહાર નીકળતા બાળક હેમખેમ રીતે બચી ગયું હતું અને પરિવારજનોને હૈયે ટાઢક થઈ હતી પરંતુ આ પ્રસંગે એક ચેતવણીરૂપ ઘટના છે. પાંચ રૂપિયાના સિક્કાની સાઈઝ એટલી છે કે તેને નાના બાળકોથી દૂર રાખવા હિતાવહ જણાય છે.

દરેક બાળક જયાં સુધી બે-અઢી વર્ષનું થાય ત્યાં સુધી તેને કોઈ પણ ચીજવસ્તુ હોય તેને મોઢામાં નાંખવાની આદત હોય છે. આ કારણે જ આટલા નાના બાળકોને તબીબો પણ કેમિકલયુકત કલર્સ ધરાવતા

**સે-૩-ન્યુનો કિસ્સો શહેરના પરિવારો માટ ચેતવણીરૂપ ઘટના**

નીચી ગુણવત્તાવાળા પ્લાસ્ટિકના રમકડાં પણ આપવાની ના પાડતા હોય છે. આ ઉપરાંત નાનકડી ચીજવસ્તુથી બાળકોને દૂર રાખવા પણ એટલા જ જરૂરી છે. સે-૩- ન્યુમાં દોઢેક વર્ષના બાળકના હાથમાં પાંચ રૂપિયાનો સિક્કો આવી જતા તેણે તેને મોઢામાં નાંખી દીધો હતો. આ સિક્કો તેના ગળાની શરૂઆતના ભાગે જ ફસાઈ જતા બાળકને શ્વાસ લેવામાં પણ તકલીફ પડવા લાગી હતી. ઘરના સભ્યો આ ઘટનાથી બેબાકળા થઈ ગયા હતા ત્યારે એક સભ્યએ હિંમતથી બાળકના મોઢામાં આંગળી નાંખી સિક્કાને વધુ અંદર જતો અટકાવ્યો હતો. બીજી તરફ બાળકને પીઠના ઉપરના ભાગે 'ધબ્બા' માર્યા હતા જેના કારણે બાળકને ઉધરસ આવતા સિક્કો બહાર આવી ગયો હતો સિક્કો બહાર આવી જતા બાળક શ્વાસ લઈ શકયું હતું અને તેના પરિવારજનોનો શ્વાસ હેઠે બેઠો હતો.

## આઈ લવ માય ગાંધીનગર



**રતિલાલ સી જોષી**
ચીફ કમિશનર, ગાંધીનગર
જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ

**ગાંધીનગર ગમે**

ગાંધીનગરના કાટખૂણે બનાવેલા મોટા અને ચોખ્ખા, બંને બાજુ ફૂટપાથ અને વનરાજીથી શોભતારસ્તાઓ, ગુજરાતભરના બુદ્ધિજીવી માણસો, દરેકને પોતાની જરૂરિયાતની સગવડો, વ્યવસાય, રોજીરોટી મળે તેથી ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

ગુજરાત રાજયના ગામડાંમાંથી આવેલા જૂદી-જૂદી કોમ, ધર્મ, વ્યવસાય, વેશભૂષા અને બોલીના માણસો અહીં હોવા છતાં એકતાનાં દર્શન થાય છે. સેવા, સાદગી, સંયમ અને સમર્પણની ભાવના, ગુણવાન અને વયોવૃદ્ધ, અનુભવી માણસો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગુરુમાનાં ગીતા પરનાં પ્રવચનો, અક્ષરધામ, ગાયત્રી મંદિર ઉપરાંત સ્વાધ્યાય પ્રવૃત્તિ અને શાળાઓમાં સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ, વન સંરક્ષણ-બોરીજ, યુવકોને નોકરી માટે માર્ગદર્શન આપતી વિવેકાનંદ એકેડેમી, સિનિયર સિટિઝન, કડી સર્વ વિદ્યાલય, કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિ, લાયન્સ કલબ, રોટરી કલબ ગમે.

**નગરને બહેતર બનાવવા**

નગરને સ્વચ્છ બનાવવા ગાંધીજીના કહેવા પ્રમાણે દરેક ઘરમાં એક સ્કાઉટ ગાઉડ હોવો જોઈએ. ઘેર-ઘેર સ્વાધ્યાય પ્રવૃત્તિ થાય, પૂ. પાંડુરંગ શાસ્ત્રી (દાદા)ના વિચારો ઝૂંપડાં સુધી પહોંચાડવામાં આવે તેવા પ્રયાસો કરવા જોઈએ.

**નગર માટે હું કરી શકું**

પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન તેમજ શિસ્ત, સંયમ અને ચારિત્રશીલ ગુણો પેદા કરતી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ શહેરની તમામ શાળાઓમાં થાય તે માટેની મદદ અર્થે હું મારા મિત્રો સાથે પ્રવૃત્ત છું અને રહીશ.

## 'વિશ્વવિધાતા મા' પુસ્તિકાનું લોકાર્પણ

મુંબઈ સ્થિત દંપતી શ્રીમતી બકુલા કુલીન વોરા અને શ્રી કુલીન કન્હૈયાલાલ વોરા દ્વારા લિખિત પુસ્તિકા 'વિશ્વ વિધાતા મા'નું લોકાર્પણ આજે રાજ્યનાં પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી કે લહેરીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. કુલ ૪૭ પાનાની આ પુસ્તિકામાં લેખક દંપતીએ સુંદર અને રસાળ શૈલીમાં માતૃધર્મની મહત્તા સમજાવી છે.

આ પુસ્તકનાં લોકાર્પણ પ્રસંગે રાજ્યનાં પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી કે લહેરીએ જણાવ્યું હતું કે, 'એક ઉત્તમ માતા સો શિક્ષકની ગરજ સારે છે, એવું આપણે વાંચ્યું તો છે જ. પરંતુ આ પુસ્તિકા તો આ સત્યની પ્રતીતિ કરાવે છે. સંઘર્ષ ભર્યા સંજોગોને કારણે જ્યારે આજે આધુનિક માતા પોતાના માતૃધર્મને વિસરી રહી છે, ત્યારે આ પુસ્તિકા એ ધર્મને જીવંત કરે છે, એક પવિત્ર અંજલિ અર્પે છે. આ માટે માતૃવિશ્વ આ દંપતીનું ઋણી રહેશે.'

આ પ્રસંગે શ્રી કુલીન વોરા એ આજની યુવા માતાઓને જણાવ્યું કે, 'જગતભરની જનનીઓ, યુવા માતાઓને અમારા શત શત દંડવત પ્રમાણ. તમારામાં રહેલા માતૃત્વની અફાટ શક્તિ સમા તમે તમારામાં રહેલા ઈશ્વર માટે તમે ખૂબ શક્તિશાળી છો.

## @ગાંધીનગર

● શહેરના સેકટર-૨૩ શિવશકિત મંદિર ખાતે આનંદનો ગરબો બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા વર્ષાબેન બી. સોલંકી, શકિતકૃપા સોસાયટી, આઈયુસી રોડ, ચાંદખેડા ખાતે મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો યોજાશે.

● સે-૩૦, શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે બપોરના ૩ થી ૬ કલાક સુધી ભાવનાબેન પટેલના સુમધુર કંઠે આનંદનો ગરબો યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૭માં મનપાએ સર્વે હાથ ધરી ઓપરેશન થીએટર તથા બેડ ધરાવતી હોસ્પિટલોને નોટીસ ફટકારી છે. આ નોટીસમાં હોસ્પિટલ સ્થળને પૂર્વવત સ્થિતિમાં તાત્કાલિક અસરે લાવવા જણાવાયું છે. અથવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ કરાઈ છે.

● ખ-૭ સર્કલ નજીકની સમર્પણ કોલેજ ખાતે કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૪૮ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી.

## એક વર્ષથી વોન્ટેડ બુટલેગર એબસ્કવૉન્ડર સ્કવૉર્ડના સકંજામાં

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડવા એસપીએ સુચના આપતા એલસીબીની એબસ્કવૉન્ડર સ્કવૉર્ડ સક્રિય થઈ છે. ગઈ કાલે એલસીબીની આ સ્કવૉર્ડ ડભોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને બાતમી મળી હતી કે પ્રોહીબીશનના ગુનાનો વોન્ટેડ આરોપી રણાસણ સર્કલ પાસે ફરી રહ્યો છે. તેને આધારે સ્થળ પર પહોંચીને સ્કવૉર્ડે ઓઢવ વિસ્તારમાં રહેતા રાજુ લીલાજી ડાભીની ધરપકડ કરી લીધી હતી. આ શખ્સ સામે વર્ષ ૨૦૧૬માં ડભોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુનો નોંધાયો હતો.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ બ્લોક નં. ૩૨૩ ખાતે વસવાટ કરતા સ્વ. નીરજભાઈ રાજુભાઈ જોષી ઉ.વ. ૨૭નું આકસ્મિક દુઃખદ અવસાન થયુંછે. સદગતના કુટુંબીજન રાજુભાઈ જોષીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડૉ. પ્રશાંત તેમજ જુસીકાના કાર્યકર હિતેષ રાવલ, રાજુભાઈ વાઘેલા, સુકેતુ મહેતા, અશોકભાઈ અને દિલિપ દંતાણીએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડેલ છે. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનુંભગીરથ કાર્ય સુકેતુભાઈ મહેતાએ કર્યું છે.

## ચિરવિદાય

- સ્વ. નારણભાઈ ભૂલાભાઈ પટેલ, ઉ.વ. ૮૯
- સ્વ. અજયકુમાર પ્રવિણચંદ્ર શુકલ, ઉ.વ. ૫૭
- સ્વ. જીવીબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. સેંધાજી સોનાજી ઠાકોર, ઉ.વ. ૪૩
- સ્વ. નીરજ રાજુજોશી, ઉ.વ. ૨૭
- સ્વ. સતીષચંદ્ર સચ્ચીદાનંદ રાય, ઉ.વ. ૪૬